ક્રમાંક:પ્રાશિનિ/નીતિ/ક/13/૫૫૮૪-૬૮
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક-12/1, ડૉ.જી.મ.ભવન,
ગાંધીનગર.
તા. 31/08/2013

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ-તમામ.
શાસનાધિકારીશ્રી,
નગર શિક્ષણ સમિતિ-તમામ.

વિષયઃ મુખ્ય શિક્ષકોની શૈક્ષણિક કામગીરી બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે આ કચેરીના ધ્યાન ઉપર આવેલ છે કે, રાજ્યની કેટલી પ્રાથમિક શાળાઓમાં મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા પ્રાથમિક શિક્ષકો માત્ર શાળાની વહિવટી કામગીરીમાં જ પોતાનો સમય વ્યતિત કરે છે અને શાળાના વર્ગખંડમાં શૈક્ષણિક કાર્ય કરતા નથી. આ બાબત ઘણી જ ગંભીર છે તેમજ ગુજરાત પ્રાથમિક શિક્ષણ નિયમો 1949 ના નિયમ 70(2) માં દર્શાવેલ મુખ્ય શિક્ષકની ફરજોથી વિપરીત જણાય છે. આપના તાબા નીચેના મદદનીશ શિક્ષણ નિરીક્ષક/બીઆરસી/સીઆરસી મારફતે આવી શાળાઓનું નિરીક્ષણ કરાવી જરૂરી અહેવાલો મેળવી તેવા મુખ્ય શિક્ષક સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા સુચના આપવામાં આવે છે.

વધુમાં, જે શાળામાં પ્રાથમિક શિક્ષકો અનિયમિત રહેતા હોય, મોડા આવતા હોય, શૈક્ષણિક કાર્યમાં બેદરકારી દાખવતા હોય, શિક્ષક તરીકેની ફરજો યોગ્ય રીતે નિભાવતાં ન હોય તેના કારણે શાળાની શૈક્ષણિક ગુણવત્તા ઉપર અસર જોવા મળે છે. આ બાબતો તરફ શાળાના મુખ્ય શિક્ષકનું ધ્યાન દોરી તેવા શિક્ષકોને મુખ્ય શિક્ષક કક્ષાએથી જ જરૂરી નોટીસ આપી તેવા શિક્ષકો સામે જરૂરી શિક્ષાત્મક કાર્યવાહી કરવા સારૂ બીટ નિરીક્ષકને વિગતવાર અહેવાલ મોકલી આપવા માટે આપની કક્ષાએથી સુચના આપશો.

શાળાની શૈક્ષણિક ગુણવત્તા જળવાઈ રહે તે શાળાના મુખ્ય શિક્ષકની પ્રાથમિક ફરજ છે. તે બાબતે પણ તમામ શાળાના મુખ્યશિક્ષકનું ધ્યાન દોરવું.

વધુમાં, ઉપરોક્ત સુચનાઓ આપના તાબા હેઠળના તમામ મુખ્ય શિક્ષક/બીઆરસી/સીઆરસી અને મદદનીશ શિક્ષણ નિરીક્ષકોને પરીપત્ર કરી તેની નકલ આ કચેરીને મોકલી આપવાની રહેશે.

પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા., ગાંધીનગર

PAM/2013/7-DPE

Downloaded From: PrashantGavaniya.blogspot.In